# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

ભાડૂતી થી રેલીનાં નાટક ભજવાય છે,
અને કાળાં નાણાથી સભાઓ ગજવાય છે,
પજવાય છે કાયદા ને લજવાય છે ન્યાય -
ઠીંગુ નેતાના જન્મદિવસ ઉજવાય છે

## હાઇકુ

શ્રી શ્રી નિવાસો,
ખોદી નાખે છે પાયા -
નિષ્ઠા-મૂલ્યોનાં

અબજોપતિ -
ચલાવે સરકાર,
થ્રૂ કોટિપતિ

## ચિંતન

**કુભોજયેન દિનં નષ્ટં, કુકલત્રેણ શર્વરી । કુપુત્રેણ કુલં નષ્ટં, તન્નષ્ટં યન્ન દીયતે ॥**

'જેને ખરાબ ભોજન મળે તેનો આખો દિવસ બગડ્યો એમ જાણવું, અને કંકાસી સ્ત્રી જેને હોય તેની રાત્રી બગડી જાણવી - ખરાબ પુત્રથી કુળ બગડ્યું જાણવું અને જે ધનનો સદ્ઉપયોગ દાન-ધર્મકાર્યમાં ન થયો તેનું ધન બગડ્યું એમ સમજવું.'

માણસ આખો દિવસ, વર્ષોથી પરિશ્રમ કરે છે તે માત્ર ઘર-પરિવારના સુખ-સુવિધા માટે અને 'પેટ' ભરવા. આ જમવાની પ્રવૃત્તિમાં જ જો સુખ-શાંતિ-સ્વાદ ન હોય તો એનો 'દિવસ' બગડ્યો જાણવો.

જો સ્ત્રી વહેમી-કજીયાખોર અને ક્ષમાશીલ ન હોય તો રાત્રે આરામના સમયે જ ખણખોદ અને ઉચાટનો આરંભ કરી રાત્રી બગાડે છે.

વ્યસની, દુષ્ટાચારિત્ર્યવાળો પુત્ર કુળને લાંછન અપાવે છે અને સમૃદ્ધિનો સદ્ઉપયોગ ન થતાં ધન પણ ખરાબ કાર્યોમાં વપરાતાં ધન નષ્ટ થાય છે.

## સુવિચાર

- કોઇ પણ વાતનો નિર્ણય કરવાને માટે ત્રણ વસ્તુની જરૂર છે.. અનુભવ, જ્ઞાન અને નિર્ણય ને અભિવ્યક્ત કરવાની ક્ષમતા - **સુકરાત**
- આનંદ કરતા 'વિષાદ' બે હૈયાંને એકમેકમાં વધુ બાંધે છે - **અરબી કહેવત**
- જે વ્યક્તિ એક શાળા ખોલે છે.. તે સંસારનું એક જેલખાનું બંધ કરી દે - **વિક્ટર હ્યુગો**
- જેઓ પાસે પ્રમાણપત્રો છે તેના કરતાં જેઓની કામ સાથેની સંલગ્નતા છે, નિસ્બત છે તેઓ જ કંઇક નવું કરી શકે છે - **એસ.ભટ્ટાચાર્ય**
- ચાવીઓના ઝુમખામાં વધુ વપરાતી ચાવી હંમેશા ઉજળી રહે છે - **સંત માર્ક**
- પાપ કરતી વખતે જેટલી મિઠાસ મળી હોય છે એટલી જ કડવાશ એના પરિણામ રૂપે ભોગવવી પડે છે - **વિષ્ણુ પુરાણ**
- આ દુનિયાની મોટી સમસ્યા એ નથી કે, માણસ દુષ્ટ છે, ખરી વિનાશક સમસ્યા એ છે કે, માણસ જાતની બહુમતી મૂર્ખ છે - **ટોલ્સ્ટોય**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

અધ્યાત્મમાં કેટલી માળા ફેરવી, કેટલીવાર સ્ત્રોત્રનો પાઠ કરવો, કેટલાં તીર્થ-મંદિરના પગથિયાં ઘસ્યાં, કેટલા હોમ-હવન કર્યા, ધ્યાન-તપ વગેરેનું આપણે માનીએ છીએ એટલું મહત્ત્વ નથી. પણ 'ગુરુની પ્રસન્નતા'નું મહત્ત્વ છે. પછી તે દિવ્યઆત્મા સ્વરૂપ સંત હોય કે માન્ય પ્રભુજીને મૂર્તિ-ચિત્ર હોય એને જીવંત સમજી એના માટે જ બધી પ્રવૃત્તિ થાય એ અધ્યાત્મ.

એક શિષ્ય ગુરુ આજ્ઞાથી આશ્રમ માટે સખત પરિશ્રમ કરતો લાકડાં કાપી લાવવા. સફાઇ-રસોઇ-પાણી-બાગકામ-ગૌશાળા બધું જ કામ કરતો - થાકી જતો. આત્મહત્યાના ઇરાદે રાત્રે નદી કાંઠે ગયો. વિચાર્યું મને કંઇ શાસ્ત્રજ્ઞાન તો મળ્યું નથી. જીવીને શું કરું? એ જે મોટા પથ્થર પર બેસી વિચારતો હતો તે ખૂબ લીસો હતો અને એની આસપાસના મોટા મોટા પથ્થર પણ લીસા અને ચાંદનીમાં ચમકતા હતા.

તેને અચાનક જ્ઞાન થયું. આ પથ્થરો પર ધોબી અને સ્ત્રીઓ કપડાં ધૂએ - પછાડે છે તેથી ઘસાઇ ઘસાઇ તદ્દન લીસા થઇ ગયા છે. જો સખત પરિશ્રમ-ઘસારાથી જો પથ્થર પણ આ લીચા-ચળકતા થઇ જાય તો - આશ્રમમાં પરિશ્રમ કરી 'ગુરુકૃપા' નો ચળકાટ કેમ ન મળે?

- આશ્રમમાં પાછો ગયો અને હવે ખૂબ આનંદ-ઉત્સાહથી આશ્રમની પ્રવૃત્તિ કરવા લાગ્યો. ગુરુજીની દૃષ્ટિમાં પણ આ પરિવર્તનનો પ્રતિઘોષ પડઘાયો.

Email - sureshchandrabhatt18@gmail.com

# અનરિચેબલ મોબાઇલ..!! સંપર્ક ક્ષેત્રની બહાર રહેવાનો આનંદ...!!

## ધારે તો સ્ક્રીન પર એ તમને જ ફીટ કરી દે, ધારે તો મૂળમાંથી તમને ડિલીટ કરી દે એના વગર તો આજે અધુરાં સૌ રહે છે, ખોવાય કે ભૂલાય તો તમને અપસેટ કરી દે

નિયમિત દિવસ જેવો આજે પણ વર્કિંગ ડે હતો. સવાર સવારની ભાગદોડ કાયમ જેવી જ. ઘડિયાળ સામે સતત નજર રાખી બધાં કામ પરવારવાનું ફુલ સ્પિડમાં શરૂ હતા. 'બસ' હવે મારે નીકળવું જ જોઇએ એવું ઘડિયાળના કાંટાએ જાહેર કર્યું, અને શિવાનીએ ટિફીન બોક્સ, ઓફિસ પર્સ લઇને લોક કરવાની તૈયારી કરી. આજનું છાપુ પહેલેથી જ, ચશ્મા અને વોટર બોટલ સાથે પર્સમાં મુકેલું હતું. હાશ, બધું સમયસર પત્યુ, ના સમાધાન સાથે એક્સેસને સેલ મારી પથિકાશ્રમ મારી મૂક્યું. આજે બસ સ્ટેન્ડે સમયસર હોવાથી સેટેલાઇટની બસ ખાલી મળી ગઇ... હાશ! શિવાની રોજ ધક્કા મુક્કીમાં, ઊભા રહેતી, અન્ય પ્રવાસીઓના પસીનાને બદબૂ લેતા પ્રવાસ કરવો પડતો, એમાં આજે કોઇ તકલીફ વગર, ચિડાયા વગર શાંતિથી સમયસર ઓફિસે પહોંચવાની હતી...

ક્યા બાત હૈ, આજે શિવાની એકદમ પ્લિઝન્ટ મૂડમાં હતી. બેસવા સરસ જગ્યા મળી હતી એટલે આજે યો યો હની સિંગના ગીતો સાંભળવાની તક મળી છે તો મોબાઇલ અને ઇયર પ્લગ કાઢવા પર્સ ખોલી... અને હૃદય એક ધબકારો ચૂકી ગયું, એ મોબાઇલ ઘરે જ ભૂલી ગઇ હતી, બસ સિટી પલ્સ બસ સ્ટેન્ડ છોડી ચૂકી હતી.... શિવાનીનો મોબાઇલ બહુ ઝડપથી ડિસ્ચાર્જ થતો હતો એટલે એને ચાર્જિંગમાં લગાડ્યો હતો. જતાં જતાં બંને લઇ લઇશ એવું નક્કી કરેલું, બધાં જ કામો વ્યવસ્થિત કર્યા અને છેલ્લું મોબાઇલ લેવાનું જ શિવાની ભૂલી ગઇ...



Hello ફ્રેન્ડસ!

—સંજય થોરાત

hellogandhinagar@gmail.com

એક જ કામ રહી ગયું અને એય કેટલું મહત્વનું? એ એકદમ ગભરાઇ ગઇ, કશું સૂઝતું નહોતું. 'ફોન ઘરે ભૂલી ગઇ' એવું કોઇકને જણાવવા પણ ફોન તો જોઇએ ને? અને એજ એની પાસે નહોતો.

મોબાઇલ નથી એટલે એસએમએસ નહીં, ઇમેઇલ નહીં, ફેસબુક નહી, વોટ્સઅપ નહીં, ન્યૂઝ અપડેટ્સ નહી, કામના રિમાઇન્ડર્સ નહી અને અફકોર્સ કોલેજ નહીં... આ 'નહીં' ની યાદી વધતી જ ચાલી. ઓફિસે જતા મમ્મીને કોલ કરવો એ રોજનો નિયમ. એ રાહ જોતી હશે, પણ હું શું કરું? ઓફિસના પણ કામના કંઇક ફોન કરવાનાં હતા, મન ખિન્ન થઇ ગયું... હતાશ અવસ્થામાં ગરકાવ હતી. બસ નર્મદા કેનાલ ઓળંગતી હતી અને શિવાનીની નજર એ વહેતા પાણી પર પડી!!



અને અચાનક એને લાગ્યું કે એવું તે શું મોટું આભ તૂટી પડ્યું છે? એક દિવસ મોબાઇલ નહીં હોય તો શો ફેર પડશે? હા, થોડા લોકો પરેશાન થશે, હું ફોન નહીં રિસિવ કરું એટલે, પણ ઠીક છે... હજી થોડા સમય પહેલાં જે વસ્તુ નહોતી અને ડિસ્ટર્બ થઇ જવાયું, એ હવે નથી એટલે સારું લાગવા લાગ્યું... વરસ પહેલાં 'વોટ્સ અપ' ક્યાં હતું? ઘણાં બધાં પાસે આવ્યા બાદ પણ શિવાનીએ ક્યાં લીધું હતું? શા માટે સતત બધાં સાથે કનેક્ટ રહેવાનું? સ્માર્ટફોન આવ્યાં એ પહેલાં માત્ર રાત્રે અને એ પણ સમય મળે તો જ 'ફેસબુક' જોતાં હતા. અને આમ તો પહેલાં મોબાઇલ નહોતા ત્યારે? કલાકે કલાકે, મિનિટે મિનિટના સ્ટેટસ અપડેટ ક્યાં કરતાં હતા?

વિચાર કરતા કરતાં શિવાનીને હસવું આવવા લાગ્યું. આપણે કેટલા મોબાઇલ પર આધારીત થઇ ગયા છીએ. એની પ્રતીતિ થવા લાગી. પાસે મોબાઇલ નથી એટલે હળવું ફુલ લાગવા લાગ્યું. સંપર્કક્ષેત્રની બહાર હોવાથી મનમાં મુક્તપણાની એક સુખદ ભાવના નિર્માણ થઇ... શિવાનીને યાદ આવ્યું એમના પાડોશી ડોક્ટર તો મોબાઇલ જ રાખતા નથી... દવાખાનું નજીક છે. ઘરે - દવાખાને ફોન છે, પછી મોબાઇલની શી જરૂર?

મોબાઇલ સર્વવ્યાપી બન્યા બાદ એક પ્રશ્ન પુછાતો, કે તમે અંગૂઠાનો ઉપયોગ શેના માટે કરતાં? સાચી વાત છે, આ મોબાઇલ આવ્યાં બાદ બંને અંગૂઠાઓ વપરાતા થઇ ગયાં છે. ટ્રેન, બસ, રસ્તા પર, વ્હિકલ પર, સ્કૂલમાં જ્યાં જુઓ ત્યાં બધા મોબાઇલ પર કંઇક ટાઇપ કરતાં જ દેખાય છે. માણસને એકાદો મોબાઇલ તો જોઇએ જ (ડ્યુઅલ સીમવાળો) અને એમાં સતત ટૂક ટૂક કર્યા કરવાની... હમણાં હું કોફી શોપમાં છું... હમણાં જ મુંબઇ છોડ્યું... બિઝી વિથ ફ્રેન્ડ્સ... મોલમાં ફરું છું. કેટકેટલા વિચિત્ર અપડેટ્સ મારતાં હોય છે, એકદમ સેકન્ડે - સેકન્ડે અપડેટ્સ ચેન્જ, શિવાનીને બધું યાદ આવવા લાગ્યું...

અત્યારે મારા મગજમાં શું ચાલે છે? એ દુનિયાને ખબર પડવી જોઇએ; આ ઇચ્છાને કારણે 'તાજા ખબર' ફરી ફરી તાજી કરતાં રહેવું પડે છે... આ તાજા પરિસ્થિતિ 'વોટ્સ અપ' કે 'ફેસબુક' પર અપડેટ કર્યા બાદ શાંતિથી બેસી રહેવું જોઇએ ને? પણ ના, એમ બેસાય નહીં. કેટલા જણાએ લાઇક કર્યું, કોણે કેમેન્ટ્સ કરી, વગેરે જોયા વગર ચેન ન પડે, એક પ્રકારનું વ્યસન જ કહો ને? અને આમાંથી જ 'નોમોફોબિયા' નામનો રોગ નિર્માણ થયો છે, એટલે 'નો મોબાઇલ ફોન ફોબિયા...'

તમે ફોન સિવાય કેટલો સમય રહી શકો છો? દિવસ કે કલાકનું જવા દો, કમ સે કમ ૧૫ મિનિટ? ફોન ન હોય એટલે ૧૬મી મિનિટે અસ્વસ્થ થઇ જવાય. ફોનની બેટરી ખલાસ થઇ જશે, નેટવર્ક જતું રહેશે, એવી સતત બીક પણ લાગે છે? આપણને કોઇનો મિસ કોલ, મેસેજ, મેલ, અપડેટ આવ્યાં નથી ને? એવું થોડી થોડી વારે જોવા ફોન તપાસો છો? આ બધાં પ્રશ્નોના જવાબ જો 'હા' માં હોય તો તમે આ અત્યંત આધુનિક બિમારીની માયાજાળમાં સપડાયાં છો એવું જાણજો. આ વાત આજે શિવાની મોબાઇલ વગરની થઇ ત્યારે એણે વાંચેલું યાદ આવ્યું... શિવાની વિચારતી હતી, યસ, હું પણ સપડાઇ જ છું!!

અનેક એપ્સ ધરાવતાં સ્માર્ટ ફોન હાથમાં આવી ગયા પછી શાંતિ હણાઇ ગઇ છે અને માનસિક સ્વાસ્થ્ય હચમચી ગયું છે, એવો અનેક લોકોનો અનુભવ છે. એણે કેમ જવાબ ન મોકલ્યો? 'લાસ્ટ સીન' તો આટલા વાગ્યાનો છે, તો પછી તે અત્યારે ક્યાં હશે? એવા વિચારો પીછો છોડતાં નથી. એકાદો શબ્દ ન મળે તો તરત શબ્દકોષ ખોલો, એકાદી માહિતી જોઇએ તો ગુગલ સર્ચ કરો, તાત્કાલિક મેસેજ કરો, મેઇલ કરો.... આવું એ જ ક્ષણે કરવું, પડ્યો બોલ ઝીલવો જરૂરી નથી હોતો. એવું ધ્યાન રાખવું જોઇએ એવું શિવાનીને મોબાઇલ ભૂલી ગયા પછી લાગવા માંડ્યું...

ક્યારેક મોબાઇલને કોરાણે મુકીને પણ વ્યવહાર થઇ શકે છે, જોવું-સાંભળવું, વાતો કરવી, લાગણી અનુભવવી આ બધું જ મોબાઇલ સિવાય પણ આનંદથી થઇ શકે છે... એકાદી જગ્યા જ્યાં મોબાઇલ નેટવર્કની બહાર હોય ત્યારે ખરેખર જ એક ફરજિયાત સમય આપણને બોનસમાં મળી જાય છે... આજે શિવાની મોબાઇલ ન હોવાના ફાયદાથી રાજી થઇ હતી. આજે એનો ફોન એના માટે 'અનરિચેબલ' હતો... ઓફીસ પહોંચ્યા બાદ કોમ્પ્યુટર અને લેન્ડલાઇનથી એના બધાં કામ વ્યવસ્થિત પાર પડ્યાં...

શિવાનીને 'હેપ્પી ફિલીંગ' એવું સ્ટેટ્સ અપડેટ કરવું હતું, અને એટલામાં જ ફોનની રીંગ વાગી. એટલે મોબાઇલ પર્સમાં જ હતો કે શું? પણ ના, એ તો રીંગ વાગી એવો ભાસ થયો હતો... મોબાઇલ પાસે નહોતો એ જ સત્ય હતું અને એના કારણે અપસેટ થવાની જગ્યાએ કુદરત અને અન્ય લોકોને જોવાનો - સાંભળવાનો મોકો મળ્યો એ વાતથી શિવાની એકદમ સેટ થઇ હતી... ભૂલમાંથી અનુભવ મળે એવું સાંભળ્યું હતું અને આજે શિવાનીને મોબાઇલ ભુલી જવાથી શું ડિલીટ કરવું અને શું સ્ક્રીન પર રાખવું અને કેટલાં અપડેટ રહેવું એનો જવાબ મળી ગયો હતો!!

**ચૂંટલો :**

**'નો ટીવી ડે', 'નો કાર ડે' ની જેમ 'નો મોબાઇલ જે' રાખવા જેવો છે આપણે આનંદી રહેવાનો નિર્ણય કર્યો જ હોય તો એને કોઇ રોકી શકે નહીં. મેં તો અઠવાડીયે એક દિવસ મોબાઇલ મુક્તિ માટે ફાળવ્યો છે, અને તમે?**

# તેણે જમવાની થાળી પીરસીને તેના સસરા સામે હજુ મુકી ત્યાં જ તેની સાસુએ રડતા છોકરાને લાવીને તેના ખોળામાં આપી દીધો, બાળકને ગળે વળગાડીને માયા રડી પડી અને તે સાથે જ તેની ધીરજનો બંધ તૂટી ગયો

## નવાં કલેવર

-નટવર હેડાઉ

**(ગતાંકથી આગળ...)**

તે હંમેશાં દહેજ પ્રથા વિરુદ્ધ પોતાનો અવાજ ઉઠાવતી રહેતી. તેના કારણે તેનાં સાસરીયાઓને તેમના માગ્યા મુજબ દહેજ મળ્યું ન હતું. બીજાંઓ એ આપેલ ભેટો અને બીજી જરૂરી વસ્તુઓ માયાના માતપિતાએ તેને સમજાવીને અને પોતાની આબરુ જાળવવાનું કહી તેના સાસરે મોકલી આપેલ. તેનાથી પિયરની ઇજ્જત તો બચી ગઇ પણ સાસરાંની ઇજ્જત ઘટી ગઇ. કેમ કે જે છોકરા માટે અનેક છોકરીઓવાળા લાખોનો દહેજ વગર માંગ્યે આપવા તૈયાર હતા તેને દહેજમાં માત્ર એક પલંગ, ટીવી અને સોફા જેવી સામાન્ય ચીજો મળી હતી.

તેના પરિણામે માયાને અનેક મહેણાં ટોણાં સાંભળવા પડતાં હતા. તે ચુપચાપ ઘરનું કામ કરતી અને પછી પોતાના બેડરૂમમાં જઇ તકીયામાં માથું છુપાવીને ખુબ રડતી. તેની વિડમ્બના એ પણ હતી કે જેની સાથે તેના લગ્ન થયાં હતા. તે પણ તેનો થઇ શક્યો ન હતો. તેથી તે પોતાની વ્યથા કહે પણ કોને? નવો પરિવેશ, અજાણ્યા લોકો અને તેમની સાથે જીવનભર રહેવાનું. આવા અસુરક્ષિત માહોલમાં તે ડર અને સંકોચમાં રહેવા લાગી. તેના પત્રો વાંચીને મને લાગતું હતું કે તેની અંદર ને અંદર એક જવાળામુખી ફાટવા માટે તત્પર છે.

એમ જ એક વર્ષ વીતી ગયું. અને માયા એક બાળકની મા બની ગઇ. દીકરા રૂપે તેને જીવનનો એક આશય મળી ગયો હતો, આમ જીવવાનો એક આધાર મળવાથી તે પોતાના લગ્ન જીવનના તમામ કડવા અનુભવોને ભુલીને પોતાના સુખને કાળજાના કટકા રૂપ દીકરાના સ્મિતમાં શોધવા લાગી. તે તેની સાથે હસતી અને તેને સહેજ રડતો જોઇ ગભરાઇને રડી પડતી.

એક દિવસની વાત છે. સાંજનો સમય હતો. તે રસોડામાં કામ કરતી હતી. હંમેશાની જેમ સાસુ-સસરાંના મહેણાં સાંભળતી હતી. તેને એ વાતનું દુ:ખ હતું કે તેના માતાપિતાને મહેણાં મારતાં તે સાંભળતી હતી. પણ તેનો પતિ તો રોજની જેમ જ મુકદર્શક બની તેના અપમાનનો તમાશો જોતો હતો.

તેના લગ્નને એક વર્ષથી પણ વધુ સમય થઇ ગયો હતો. તેમ છતાં તેના પતિના હૃદયમાં પોતાની પ્રત્ની પ્રત્યે સહાનુભૂતિ જાગી ન હતી. માયાને પતિની આ નિરપેક્ષતા બહુ કઠતી હતી. પોતાના બાળકના રડવાનો અળાજ સાંભળીને પણ પોતાની જાતને રોકી રાખી તે ચુપચાપ રોટલી શેકી રહી હતી. કેમ કે પિયરમાંથી મળેલા સંસ્કારો તેને સામે જવાબ દેતાં રોકતા હતા.

તેણે જમવાની થાળી પીરસીને તેના સસરા સામે હજુ મુકી ત્યાં જ તેની સાસુએ રડતા છોકરાને લાવીને તેના ખોળામાં આપી દીધો. બાળકને ગળે વળગાડીને માયા રડી પડી અને તે સાથે જ તેની ધીરજનો બંધ તૂટી ગયો.

તે ચીસ પાડીને બોલી. 'બસ હવે બહુ થયું. તમારે જ્યાં કરવા હોય ત્યાં તમારા દીકરાના બીજા લગ્ન કરી દો. મને કંઇ જ વાંધો નથી. તમે હમણાં જ સ્ટેમ્પ પેપર લઇ આવો. હું મારા હાથે જ લખી આપીશ. તમને કોઇ આંચ નહીં આવે. મારા પિયરીયા પણ તમને કંઇ કહેશે નહીં.'

તે દિવસે માયા પોતાની જાત પરનો કાબુ ખોઇ ચુકી હતી. અને બેફામ બોલવા લાગી હતી. ગામ લોકોને બોલાવો જે જાનૈયા બનીને તે દિવસે અમારાં લગ્નમાં આવેલા. આજે હું સૌની સામે પુછવા માગું છું. શું હું ભાગીને મારી મરજીથી આ ઘરમાં આવેલી કે એ લોકો વિદાય કરાવીને મને લાવેલાં?

જે રીતે બંધ ટૂટી જતાં નદી અનિયંત્રિત થઇ બધું જ ધ્વંસ કરી દે છે. તે જ રીતે માયાની ધીરજ, સંસ્કારો અને સમસ્ત બંધનોના બંધને તોડીને પોલા અને અર્થહીન સંબંધોને સમાપ્ત કરવાનો નિશ્ચય કરી લીધો હતો. કેમ કે તે દિવસે માયાના સ્વાભિમાનને ઠેંસ પહોંચી હતી. તેને અયોગ્ય અને ખરાબ ગણાવી હતી. તેને કહેવામાં આવ્યું કે 'અમારા છોકરા માટે મોટાં મોટાં ઘરની છોકરીઓનાં માગાં આવતાં હતા. પણ તારા માબાપે કોણ જાણે અમારા છોકરા પર કઇ જાદુની ભૂરકી છાંટી દીધી છે કે તારી સાથે લગ્ન કરવાની જીદ લઇ બેઠો.'

સાસુ-સસરા દ્વારા પોતાના માબાપ પર લગાવાયેલ આક્ષેપ માયા સહન ન કરી શકી. તે દિવસે તેને ખબર પડી ગઇ હતી કે હવે આ ઘરમાં તેને રહેવું મુશ્કેલ છે. તે પોતાના જ ઘરમાં અપમાનિત થઇને રહેવા માંગતી નહોતી. તેથી ગુસ્સે થઇને તેણે કહી દીધું. 'તમે જ મને કહી દો કે મારામાં એવી શું ખામી હતી કે મારાં માબાપે જાદુટોણા કરીને તમારા દીકરાને મેળવવો પડે.'

તે રાતે તેણે કંઇ ખાધું પણ નહીં અને સુઇ પણ ન શકી. આખી રાત તેની આંખોમાંથી આંસુઓ વહેતાં રહ્યા. તેના લગ્નજીવનની કટુ સ્મૃતિઓનાં બંધ તૂટી ગયા અને તેમાં માયાના ભવિષ્યના સુંદર સપનાં રોળાઇ રહ્યાં.

માયાના મનોમસ્તિષ્કમાં વારંવાર એ જ વિચારો તેને ઉત્તેજિત કરતા હતા કે જે વ્યક્તિ તેનો જીવનસાથી છે તે આજે પોતાના ઘરમાં પોતાના માતાપિતા દ્વારા તેની નિર્દોષ પત્નીને અપમાનિત થતાં જોઇ રહ્યો હતો. પોતાની પત્નીને રડતી જોઇ તેનું હૃદય ન પીગળ્યું કે ન તો તો તેનું પુરુષત્વ જાગ્યું. જે વ્યક્તિ ઘરમાં તેના સ્વાભિમાનનું રક્ષણ ન કરી શકે તે ઘરની બહાર અત્યાચાર સામે તેને શું રક્ષણ આપવાનો હતો.

તેને પોતાના બદનસીબ અને લાચારી પર રડવું આવતું હતું. આજે તે પોતાની ઇચ્છા મુજબ કોઇ પગલું ભરી શકતી ન હતી. કેમ કે એમ કરવાથી તેના માતાપિતાના માથાં હંમેશા માટે ઝુકી જાય અને તેની માં ની આંખોમાંથી તો આંસુ સુકાય જ નહીં. તેને વારંવાર પોતાની ભૂલનો પસ્તાવો થતો હતો. તે વિચારતી હતી કે 'જો મેં પહેલાં જ મારાં માબાપને મારી આ વ્યથા-કથા કહી દીધી હોત તો મારે આ રીતે અપમાનજનક જીવન જીવવું ન પડત અને આજે હું સ્વાભિમાન પૂર્વક આ ઘરને કાયમ માટે છોડીને જતી રહી હોત.'

તે દિવસે માયાને ખબર પડી ગયેલી કે એ વ્યક્તિને તેની સાથે લગ્ન ફક્ત એ માટે કર્યા હતા કે તે એ વાતને સારી રીતે જાણતો હતો કે આ છોકરી જ તેના ઘર-કુટુંબ અને તેના સમાજમાં બંને જગ્યાએ સહજતાથી સંતુલન જાળવી શકે તેમ છે. માયા એ લખેલ એક એક શબ્દ મને યાદ આવતો હતો.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# ફૂલ-છોડની કાળજી લો એમ સંબંધમાં સંભાળ લેવી પડે

## ગુલમહોર

- દિનેશ દેસાઇ

**કોઇ વ્યક્તિ એકાકી બને છે ત્યારે એને લાગે છે કે જાણે હવે જીવનમાં કોઇ રસ-કસ રહ્યો નથી, માણસને એકાકી જીવન ભીતરથી વલોવી નાખે છે અને ઉધઇની જેમ એકાકીપણું માણસને ખાઇ જાય છે, માસસ જીવતેજીવ એકાકી અવસ્થામાં મરણ તરફ જલદીથી ધકેલાઇ જાય છે**

એવી ઘણી બધી વાતો હોય છે કે બોલવામાં સારી લાગે, પરંતુ અમલ કરવાનો આવે ત્યારે માણસ હાંફી જાય. સંબંધને પણ ક્યારેક ભુખ લાગતી હોય છે. ક્યારેક પ્રેમ પીરસી તો જુઓ. હોલિવૂડના અભિનેતા સિલ્વેસ્ટર સ્ટેલોનનું કહેવું છે કે - સંબંધમાં કદીય ગણતરીઓ કરીને ચાલવાનું ન હોય. સંબંધમાં હિસાબ-કિતાબ કરનારો માણસ અંતે હારી જતો હોય છે અને સંબંધમાં બધું જ ગુમાવવા તૈયાર રહેનાર માણસ જિંદગીની રમત જીતી જતો હોય છે.

એક સરસ મજાની વાત છે. એક સ્ત્રીએ પોતાના ઘરના આંગણામાં થોડા ઘણા ફૂલ-છોડ વાવ્યા. એની ખુબ કાળજીપૂર્વક સારસંભાળ લીધી. હવે એ સ્ત્રીનું ઘર એના હર્યાભર્યા આંગણાના કારણે શોભી ઠ્યું. પરંતુ તેણે જોયું કે એક છોડ દિન-પ્રતિદિન સૂકાવા લાગ્યો હતો. બીજા કુંડાઓથી એ છોડ થોડો છેટે પણ હતો. એ સ્ત્રીના પતિની નજર ગઈ અને તેણે પત્નીને કહ્યું કે આમ તો બધા જ ફૂલ-છોડની સારી કાળજી લીધી છે. પરંતુ આ એક છોડ સૂકાવા લાગ્યો છે. આથી તેમાં બરાબર ખાતર-પાણી મળે એનું ધ્યાન આપવું જોઈએ.

પત્નીએ એટલું જ કહ્યું કે એ છોડને ખાતર-પાણી આપવામાં આપણે કોઈ કસર છોડી નથી. આપણે માત્ર આટલું જ કરવાનું છે કે એ છોડને ખસેડીને બીજા તમામ કુંડાઓની સાથે મૂકી દઈએ. અહીં એ છોડ એકલો પડી ગયો છે એટલે સૂકાતો ચાલ્યો છે. એને બીજા ફૂલ-છોડની હુંફ મળતી નથી એ તેના સૂકાઈ જવાનું મૂળ કારણ છે. આમ પણ કોઈ છોડ એટલો હોય તો સૂકાતો જાય. જો કોઈ છોડને બીજા છોડનો સાથ-સંગાથ મળે તો એ સંગાથના કારણે છોડ એકમેકની સોબતમાં ખીલી ઠે છે.

જયારે કોઈ વ્યક્તિ એકાકી બને છે ત્યારે એને લાગે છે કે જાણે હવે જીવનમાં કોઈ રસ-કસ રહ્યો નથી. માણસને એકાકી જીવન ભીતરથી વલોવી નાખે છે અને ઉધઈની જેમ એકાકીપણું માણસને ખાઈ જાય છે. માણસ જીવતેજીવ એકાકી અવસ્થામાં મરણ તરફ જલદીથી ધકેલાઈ જાય છે. આપણે સમાજમાં પણ એવા ઘણા બધા કિસ્સા આપણી આસપાસ જોયા હોય છે કે વૃદ્ધ દંપતી પૈકી પત્નીનું મૃત્યુ થાય એ પછી તંદુરસ્ત હોવા છતા વૃદ્ધ પતિની તબિયત લથડતી જાય છે અને મૃત્યુ નજીક આવી જાય છે. એ જ પ્રમાણે વૃદ્ધ પતિ મૃત્યુ પામ્યા પછી તેની પત્ની પણ વલોવાતી જાય છે અને વહેલા મૃત્યુની નજીક પહોંચી જાય છે. સવાલ એકમેકની હુંફ અને સોબતનો છે. આગળ કહ્યું તેમ સંબંધને પણ ભુખ લાગતી હોય છે. સંબંધને પ્રેમ પીરસી જુઓ તો ખ્યાલ આવશે કે જીવન કેવું હરિયાળું અને લીલુછમ છે.

એક માણસ એક વાર પોતાના ઘરે નાનકડું માછલીઘર લઈ આવ્યો. એમાં તે નિયમિત માછલીને ખોરાક આપતો. છતા માછલી ગુમસુમ રહેતી અને કોઈ ખોરાક લેતી નહીં. થોડા દિવસોમાં તો પેલી માછલી પાણીમાં રહેતી હોવા છતા મરી ગઈ. એ પછી કોઈકે તેને સલાહ આપી કે માછલી એકલી રહી શકે નહીં. માછલીઘરમાં પણ એક માછલીના બદલે એકથી વધુ માછલી રાખવી જોઈએ. માછલીને પણ સંગ-સોબત અને સાથ જોઈએ. માછલીને પણ હુંફ અને લાગણી જોઈએ.

એકાન્તવાસ કોઈ પણ જીવને મારી શકે છે. એકાકીપણું કોઈ પણ વ્યક્તિને હાનિ પહોંચાડતું હોય છે. માણસ હોય કે માછલી હોય કે પછી ફૂલ-છોડ યા વનસ્પતિ, એકલાપણું તો કોઈ જીવને પસંદ નથી. આપણે આપણી આસપાસ નજર કરવી જોઈએ અને કોઈ એકાકી છોડ કરમાઈ રહ્યો હોય તો તેને બીજા ફૂલ-છોડની નજીક સ્થાપી આપીને તેને કરમાતો બચાવવાનો પ્રયાસ કરવો જોઈએ. એ જ પ્રમાણે જો તમે એકલા પડી ગયા હોવાનું અનુભવાતું હોય તો અવશ્ય કોઈના સાથ-સંગાથમાં રહેવાનો પ્રયાસ કરવો જોઈએ. પોતાની જાતને કરમાઈ જતી પણ બચાવી લેવી જોઈએ.

ખરેખર તો એકલાપણું જ દુનિયામાં સૌથી મોટી સજા છે. જો તમે દુનિયાની ભીડ હોવા છતા એકલા પડી ગયાનું અનુભવતા હોય તો એ તમારા માટે સજા જ છે. જો કોઈ ફૂલ-છોડ એકલો પડી ગયો હોય તો આપણે તેને કાળજી અને જતનપૂર્વક ચકીને બીજા કુંડાઓની પાસે મૂકી દઈને તેને સાથ-સંગાથ અને સોબત આપી શકીએ છીએ. પરંતુ એકલા પડી ગયેલા માણસને આપણે ચકીને અન્ય માણસોના સમુહ પાસે મૂકી શકતા નથી. એકલા પડેલા માણસને બીજાની સોબતમાં આપણે મૂકી શકીએ નહીં. એ તો એકલા પડી ગયેલા માણસે જ બીજા માણસ પાસે સામે ચાલીને જવું પડે અને સોબત અથવા સાથ-સહકારની અનુભૂતિ કરવી જોઈએ. કોઈનો સાથ-સહકાર એ કોઈ બજારમાં વેચાતી કે ખરીદી શકાતી વસ્તુ કે ચીજ નથી. એકમેક સાથેના સંબંધને વધુ મજબુત અને ગાઢ બનાવવા માટે એમાં કાળજી, આદર, સન્માન અને સારસંભાળરુપી ખાતર-પાણીની જરુર પડતી હોય છે. જો મનનો ખુણો ખાલીપો અનુભવે અને જિંદગીમાં જાણે કોઈ રસ જ રહ્યો નથી એવું લાગ્યા કરતું હોય તો સૂકાઈ રહેલા જિંદગીના છોડને સંબંધોના પ્રેમનો રસ પીવડાવવો પડે. જિંદગીમાંથી ખાલીપો દૂર કરવા માટે હંમેશા ખુશમિજાજ રહેવું, ચહેરા ઉપર સદાય સ્મિત રહેવું જોઈએ. હંમેશા હકારાત્મક વાતો જ કરવી અને સાંભળવી જોઈએ. નકારાત્મક બાબતો અને નકારાત્મક વિચારોથી તો દૂર જ રહેવું જોઈએ. આમ બને તો જ તમારું જીવન હર્યુંભર્યું રહી શકે.

**સ્ટોપર :**

સંબંધનો છોડ કરમાતો હોય તો એમાં પ્રેમનું ખાતર-પાણી નાખતા રહેવું જોઈએ. સંબંધમાં પ્રેમની સ્વિચ હંમેશા ઓન જ રાખવી જોઈએ.

**- અગાથા ક્રિસ્ટી**